સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૫૦ / શુમારો : ૬ ... કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૦ / જૂલાઇ-ઓગસ્ટ ૨૦૧૯

# દરવાઝો

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના નઝદીક ચંદ લોગો આવા અને આપને અરઝ કીધી કે, અય મૌલા! આપના મનાકિબ, દરજા અને ફઝીલતોમાં જે ચીઝ બહેતરમાં બહેતર અને અફઝલમાં અફઝલ હોય તે આપ હમને બતાવો. આપે જવાબ આપતા ફરમાવું કે, મારા મનાકિબ માંથી અફઝલ અને ખાસ તે ચીઝ છે કે, જેના વાસ્તે મેં કોઈ જિદ્દોકદ કીધી નથી, તેમાં મારી કોઈ દખલઅંદાઝી નથી, મારી કોઈ ગરઝ નથી, પણ તે ફઝીલત મને મારા મૌલા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના ઝરીઆ અને વાસ્તાથી ખુદાતઆલાએ અતા ફરમાવી છે.

લોગોએ અરઝ કીધી કે, તે ફઝીલત કઈ છે? આપે ફરમાવું કે, "રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત મક્કાથી હિજરત કરીને મદીના તશ્રીફ લઈ ગયા તે વક્ત ખુદાતઆલા તરફથી મસ્જિદ બનાવવાનો હુકમ થયો. આપના બૈતે શરફ (મકાન) ના નઝદીક આપના અસ્હાબ, મદદગારો અને મુહાજેરીનના મકાનો હતા. આપે, મારા સાથે અને અસ્હાબની મદદથી **આપના ઘરના બિલકુલ બાઝૂમાં મસ્જિદને તાઅમીર ફરમાવી.** જે વક્ત એક ખૂબસૂરત અને બાસુકૂન મસ્જિદ તૈયાર થઈ તે વક્ત હરએક અસ્હાબે એમ ચાહ્યું કે, તેઓ પોતાના મકાનમાં જ એક એવો દરવાઝો મુકે કે જેથી સીધા મસ્જિદમાં નમાઝના વક્ત પર યા નબી સાહેબ યાદ ફરમાવે તે વક્ત આવી શકાય. લેહાઝા, હરએકે પોતાના મકાનમાં મસ્જિદમાં આવવાનો દરવાઝો મુકો."

યાદ રહે કે, અપના અકીદામાં મસ્જિદ તે મકામના સાહેબ (નબી, વસી યા ઈમામ) ની વલાયત છે, રઝા છે, ખુશી છે અને તેનો દરવાઝો, તે હરચીઝને મકામના સાહેબ પર નિછાવર કરીને એમને મીસાક આપવો છે. આ જ બિના પર મૌલાના અલી મુશ્કિલકુશા (અ.સ.), નબી સાહેબની નુબૂવતની મસ્જિદના દરવાઝા છે. **નબવી ઈલ્મના શહેરના પણ દરવાઝા છે.** નબી સાહેબની જન્નતના પણ દરવાઝા છે. કુરઆને કરીમની ભેદની અને હિકમતની આયતોના ખઝાનાના પણ દરવાઝા છે. કબરની સંદૂકમાં જાવાના પણ દરવાઝા છે. દુનિયામાં હર મુમિનની હાજિતરવાઈ, ઉકદાકુશાઈ અને રોઝીના પણ દરવાઝા છે. અંબિયા અને શોહદાની તકલીફોને દફઅ કરવાના અસ્બાબના પણ દરવાઝા છે. ગુમ્રાહીના દરિયાથી બચવા કિશ્તીએ નજાત પર સવાર થાવાના પણ આપ દરવાઝા છે. નબી સાહેબના નૂરાની અને કુદસાની મકાનના આપ બાબરકત દરવાઝા છે.

હવે, રિવાયત તરફ આવીએ કે, આપ મૌલા ફરમાવે છે કે, અસ્હાબે પોતાના ઘરોમાં મસ્જિદમાં જાવા વાસ્તે દરવાઝા મુકા બાદ, મૌ. જિબ્રઈલ (અ.સ.) રસૂલુલ્લાહ બાવાજીની તરફ વહ્ય લઈને પધારા. કહ્યું કે, ખુદાતઆલાનો અમર છે કે, તમામ અસ્હાબના મસ્જિદમાં આવવાના દરવાઝાને બંધ કરાવી દો. આ હુકમને અમલમાં મુકવાની તાખીર ના થાય. મગર ફક્ત મારા દરવાઝાને ખુલ્લો મુકી રાખવાનું ફરમાન થયું. પછી, નબી સાહેબે મઆઝ બિન જબલને અસ્હાબની તરફ મોકલીને કહેરાવું કે, **તમામ ફૌરન પોતાના મસ્જિદમાં આવવાના દરવાઝાને બંધ કરી દે.** મઆઝે અવ્વલને નબી સાહેબનો પૈગામ પહોંચાવો. તેથી તેએ તો તરત જ હુકમ બજાવી લાવીને પોતાનો દરવાઝો બંધ કરી દીધો. તે પછી, મઆઝ સાની પાસે ગયા અને કહ્યું કે, તમેં તમારો દરવાઝો બંધ કરી દો,

(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**ઈદે કુરબાનીને ઈદુલ અઝહા કહે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આ મુજબ નબી સાહેબે અમર ફરમાવો છે. તેએ મઆઝની વાત માની નહીં, અને સીધા નબી સાહેબ પાસે આવીને અરઝ કીધી કે, "યા રસૂલુલ્લાહ! આપે દરવાઝો બંધ કરવાનો જે અમર કીધો છે તે સર-આઁખો પર, પણ આપ મારી નાની એવી અરઝને કુબૂલ ના કરો! તે એ છે કે, મારા વાસ્તે આપ રઝા આપો કે, એક નાનું સરખું બાકુ-કાનું હું દરવાઝાની જગા પર રહેવા દઉં કે, જેથી હું મારી આઁખથી આપના દીદાર કરી શકું."

નબી સાહેબે તેની અરઝને સરીહન રદ્દ કીધી, તેથી સાનીએ પોતાનો દરવાઝો ઈકરાહન અને મજબૂરન બંધ કરી દીધો. તે બાદ મઆઝ પૈગામે નબવી લઈને તલ્હા, ઝુબૈર, સાલિસ, અબ્દુર્રહમાન, સઅદ, મૌ. હમ્ઝા અને મૌ. અબ્બાસની તરફ ગયા. પૈગામ મુજબ તમામે હુકમની તાઅમીલ કીધી અને પોત-પોતાના દરવાઝા બંધ કરી દીધા. થોડા વક્ત બાદ મૌ. હમ્ઝા અને મૌ. અબ્બાસ, નબી સાહેબ પાસે આવા અને ઉઝરખ્વાહી કીધી અને પોતાના દિલનો ડૂચો બયાન કરવા લાગા કે, આપે હમારા વાસ્તે તો એમ હુકમ કીધો કે, હમેં હમારા દરવાઝા બંધ કરી દઈએ, તો હમેં આપના હુકમ મુજબ ચાલા. મગર હમારા ભાઈના દીકરા અલીએ તો એનો દરવાઝો ખુલ્લો રાખો છે. **તો શું આપની નઝરમાં અલી વધારે વ્હાલા છે?** આપે થોડા વક્ત વાસ્તે ચુપકીદી પસંદ કીધી.

પછી, આપે ખૂબ નરમ લહેજામાં ફરમાવું કે, અય મારા કાકાજી સાહેબ! દરવાઝા બંધ કરવા બાબત જે તમેં કહ્યું તે મેં બરાબર સાંભલું. પણ ખુદાના કસમ દઈને હું કહું છું કે, આ અમર મારા તરફથી બિલકુલ ન્હોતો. કોના દરવાઝા ખુલ્લા રાખવા અને કોના બંધ કરવા તે તો ખુદાની મરઝી હતી. મૌ. મૂસા કલીમુલ્લાહ તરફ પણ આ જ મુજબ હુકમ થયો હતો કે, "અય મૂસા! તમેં એક પાક-તૈયેબ ઘર બનાવો. તેમાં તમને, તમારા વસી મૌ. હારૂનને અને તમારા તેમજ મૌ. હારૂનના અહલે બૈતને રહેવાનું જાઈઝ છે. તમેં તે ઘરમાં ઈબાદતના વક્ત ઈબાદત કરો અને ઈઝદેવાજી ઝિંદગી એવી બસર કરો કે, તમેં જનાબતદાર થઈને પછી દોબારહ તૈયેબો તાહેર-પાક થાવ." આ જ તરહનું ફરમાન ખુદાતઆલાએ મારા વાસ્તે, મારા વસી અલી વાસ્તે અને અલીના ફરઝંદો વાસ્તે કીધું. અલ્લાહતઆલાની મરઝી એ છે કે, "હું અને મારા અહલે બૈત કે જેમાં અલી પણ શામિલ છે, એવા ઘરને પસંદ કરીએ કે જે મસ્જિદ સાથે વાબિસ્તા હોય. દીન અને દુનિયાના તમામ તકાઝા તે ઘરમાં પૂરા થાય અને હમેં જનાબતદાર થઈએ અને પાકો સાફ થઈને સીધા મસ્જિદમાં દાખિલ થઈ શકીએ. **હમારૂં ઘર મસ્જિદથી અલગ નથી અને મસ્જિદ હમારા ઘરથી જુદા નથી.** હમારા વાસ્તે ઘરનો અને મસ્જિદનો દરવાઝો એક જ છે."


અલી મુશ્કિલકુશા (અ.સ.) એ ફરમાવું કે, "અય લોગો! આ ફઝીલત ખુસૂસી મારા વાસ્તે છે જેને હાસિલ કરવામાં મેં કોઈ તદબીર કીધી નથી. બીજા ગૈર મુસ્તહિક્કના દરવાઝા બંધ કરાવવામાં અને મારો દરવાઝો ખુલ્લો રહેવા દેવામાં ખુદાતઆલાની મરઝી, રઝામંદી અને ખુશી હતી. આ તરહના ફરમાન તો નબી સાહેબે ઘણા કીધા છે તે વાસ્તે કે, આવા મૌકાઓના સબબ જ અસ્હાબ અને લોગોના દિલોના હાલાત માઅલૂમ પડે અને તેઓની ઝબાનોંની હરકતોનો અંદાઝો આવે. ☆

**ગોશ્ત જમવાથી મુમિનના દિલમાં દીને ખુદાવંદી તરફ શૌક અને રગબત પૈદા થાય છે.**
**ગોશ્તથી ખનીજ અને સબ્ઝી, બેવેની તાકત એક સાથે હાસિલ થઈ જાય છે.**
**ગોશ્ત જમશો તો ગોશ્ત વધશે અને નસ્લે ઈમાની પૈદા થાશે.**
**અહલુલ બૈત (અ.સ.) ના મોહિબ્બોની ઝબીહતના ગોશ્તની કૈફીયત અલગ જ હોય છે.**
**મુમેનીન સિવાય કોઈ બીજાને ઝબીહતનો ગોશ્ત તકસીમ ના કરવો જોઈએ.**

**ઈદુલ અઝહા યાઅની રોશની, ચમક અને ઝિયાનો તહેવાર.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**




૧) મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબ પર આહો ______ કરવી તે સુન્નતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે. (૨)

૨) કોઈ ઈન્સાનની શું ______, કે ખુદાતઆલાની દાઅવતના નૂરને બુઝાવી શકે!. (૩)

૩) દીકરા! તું ને ઝખમ માંથી ખૂન નિકલે છે. ઘરે જઈને ______ લગાવી દેજે. (૩)

૭) શિમ્ર લઈને, દુખ્તરે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) મૌ. સકીનાના નાઝુક______ પર તમાંચા મારા. (૨)

**✵ આડી તરકીબ :**


૨) ______ ના સાહેબની ઈતાઅત તે ખુદાતઆલાની ઈતાઅત સાથે જોડાયેલી છે. (૩)

૪) અય મૌલા! આપે ______ ફરમાવું કે, હર તકલીફ બાદ આસાની છે અને હર આસાની બાદ તકલીફ છે. આ જ તો ઝિંદગીની રવિશ અને હકીકત છે. (૨)

૫) ઝેરે ખંજર પણ ઈમામ આલી મકામના______ પર કુરઆને કરીમની તિલાવત હતી. (૨)

૬) ભાઈ! તારી ઝબાનને ______ દે. આ તો છુટ્ટો ઘોડો છે, તે બેકાબૂ થઈને કોઈને પણ ઝખ્મી કરી શકે છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**સહી જવાબ આપનારઃ સોહા હુસૈનઅલી સોરંગવાલા**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝીલ્હજ્જ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✪

## દજ્જાલ – કિસ્ત-૨

મૌ. ઈમામ અલ કાઈમ (અ.સ.) ને મહેદીયહ શહેરમાં અમાન અને સુકૂન હાસિલ થયું. થોડા જ અરસામાં દજ્જાલ જે જંગલોમાં ફિરી રહ્યો હતો, તેએ પોતાના લશ્કરીઓ સાથે મિલીને મહેદીયહનો ઘેરો કીધો. એ મુજબ કે કોઈને શહેરમાં આવવા યા નિકલવા ના દે. ઈમામી ફરમાન મુજબ મૌકો જોતા ફાતેમી લશ્કરે એક દિન દુશ્મનો પર ભારી વાર કીધો કે જેના વાસ્તે લઈનો તૈયાર ન હતા. ખૂબ જંગો જિદાલ થઈ, ખુના મરકી થઈ અને ઘણા બરબર લશ્કરીઓ જે દજ્જાલ સાથે હતા તેને મૌતને ઘાટ ઉતારવામાં આવા. આ મંઝર જોઈને દજ્જાલ લઈન તેના બાકીના સાથીદારો સાથે મહેદીયહથી નાસી છુટો. જેટલી વક્ત ઈમામી લશ્કરના સામે તે આવો તેટલી વાર ઈમામે હક્ક તરફથી તેને દાઅવત દેવામાં આવી અને તે કેટલો બાતિલ પર છે, તેની હુજ્જત કરવામાં આવી. મગર તે હમેશા ફિત્ના-ફસાદ પર બાકી રહ્યો. મહેદીયહના બાહર જંગ દૌરાન જેટલા દજ્જાલીઓ હલાક થયા હતા, તેના માથાઓને મહેદીયહની ગલીઓમાં લઈ જાવામાં આવા અને જેટલાને ઝિંદા પકડવામાં આવા હતા, તેનું પણ સરઘસ-ગશ્ત કાઢવામાં આવું. મહેદીયહ શહેરના લોગોએ આ દજ્જાલીઓને જોઈને "લબ્બૈક યા હુજ્જતલ્લાહ" ના નાઅરા બલંદ કીધા.

દજ્જાલ અને તેના લઈનો મહેદીયહથી તો નાસી ગયા પણ કૈરવાનને આસપાસ નાના ગામડાઓમાં જ્યાં (બકીયાહ પેજ નં. ૧૬ પર)

**ફરઝંદે મૌ. ઈબ્રાહીમ, મૌ. ઈસ્માઈલ (અ.સ.) ની યાદમાં આ ઈદ છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત - ૪૧

### દોઆની તાકત

મૌલાના સુલૈમાન નબી અઝીમુશ્શાન બાદશાહ હતા. તખ્તો તાજના માલિક હતા અને સાથે સાથે આપના સર પર નુબૂવતનો તાજ પણ હતો. સલ્તનત ચલાવવાના સાથે આપના દિલમાં ખૌફે ખુદા એવો હતો કે, આપ આપની ઝાતને ઈબાદતો રિયાઝતમાં મશ્ગૂલ રાખતા હતા. આપનાથી આપની રઈયતના લોગો ખૂબ ખુશ હતા. જે વક્ત કોઈ આપના નઝદીક રોઝીની શિકાયત લઈને આવતું તો આપ કહેતા કે, **"રોઝી અને રિઝક આપવું તો ખુદાતઆલાના હાથમાં જ છે, હું તો ફક્ત દોઆ કરી શકું છું."**

એક દિન આપનો ગુઝર આપના લશ્કર સાથે જંગલ માંથી થયો. આપે એક જગા પર વકફો કીધો જેથી જમન અને બીજી હાજિતોથી ફારિગ થઈ શકાય. આપ જે દરખ્તના નઝદીક આરામ કરી રહ્યા હતા ત્યાં આપની નઝર એક કીડી પર પડી. કીડી ઘણી મહેનત કરીને પોતાનું જમન જમાઅ કરી રહી હતી. આ જોઈને સુલૈમાન નબીએ કીડીને હાંક મારી અને કહ્યું કે, આટલા બધા વક્તથી આ તું શું કરી રહી છે? કીડીએ આપના ઉપર સલામ પઢો અને જવાબ આપો કે, હું ખુદાની રોઝી માંથી મારા હિસ્સાનું જમન ભેગું કરી રહી છું. આપે પૂછું કે, અય કીડી! તારા જમનની મિકદાર કેટલી હશે? તેં બોલી કે, એક સાલમાં ઘઉંના એક દાણા જેટલું જમન! આપ મુતઅજ્જેબાના લહેજામાં પુકારા કે, "બસ, આટલું જ. આ તો મારા વાસ્તે ખૂબ આસાન અમર છે. ચલ! હું તારી મહેનતને દૂર કરી આપું છું. તું એક ઊંચી ડાલ પર ચાલી જા. હું તેના એક ખાંચામાં ઘઉંનો એક દાણો મુકી આપું છું. **તું તેના માંથી જમા કરજે.** તારી એક સાલની ગિઝાનો બંદોબસ્ત હું કરી દઉં છું."

આપે એક દાણો મંગાવો અને તેને એક ડાલીના ખાંચામાં મુકીને ચાલા ગયા. તે કીડી ભલેને તે દાણા માંથી જ જમતી હતી પણ રોઝ ખુદાનો શુક્ર કરવાનું ભુલતી નહતી. એક સાલ ગુઝરી ગયું. ઈત્તેફાકથી સુલૈમાન નબીનું તે જ જંગલ માંથી પાછું ગુઝરવાનું થયું. ખુદાતઆલાએ આપના દિલમાં કીડીની વાત પૈદા કીધી. આપ ફૌરન તે જગા પર ગયા અને કીડીને પુકાર કરવા લાગા. કીડી તે ડાલના ખાંચા માંથી નિકલી અને આપના ઉપર સલામ બોલી અને પૂરા સાલ શું તેના સાથે ગુઝરૂં તેનો એહવાલ બયાન કીધો. આપે પૂછું કે, અય કીડી! તું શું ઘઉંનો પૂરો દાણો જમી ગઈ! કીડીએ કહ્યું કે, "તેમાંથી અડધો બચાવેલો છે." આપ કહેવા લાગા કે, આમ કિમ? કીડીએ જવાબ આપો કે, "મારો ખાલિક ખુદા તો મારી રોઝીનો ઝામિન છે, તેના ઉપર મારો તવક્કુલ છે. તેને મારો ખુબ ખયાલ છે. મગર તમેં તો આખિર ઈન્સાન છો. હું તમારા ઉપર ભરોસો કઈ તરહ મુકી શકું. તમેં મને ભુલી જાત અને એક સાલ બાદ તમેં મારી મુલાકાતે ના આવેત, તો હું શું જમેત! તે સબબથી મેં આ અડધો દાણો બચાવેલો છે. ઈન્સાન ગફલત કરી શકે છે, **મગર ખુદાતઆલા તરફથી ઈનાયત થયેલી, મુકર્રર થયેલી રોઝી ના કોઈ રોકી શકે છે, ના કોઈ છિનવી શકે છે."**

મૌ. સુલૈમાન નબીના ઝમાનમાં એક એવો દર્દનાક વક્ત ગુઝરો છે કે, લોગો પાસે જમવા વાસ્તે અનાજનો એક દાણો ન હતો. લોગો હૈરાન-પરેશાન હતા. સખ્ત દુકાલ પડવાના સબબ સલ્તનતનો માહૌલ નાઝુક, દહેશતનાક અને ફિક્રઅંગેઝ હતો. આપના ફરમાનથી એક મોટી જમાઅત ખુદાતઆલાની બારગાહથી પાની તલબ કરવા પોતાના ઘરો માંથી નિકલી પડી. આપે જમાઅત સાથે શહેરની બાહર જંગલ તરફ કૂચ કીધી. ચાલતા-ચાલતા આપની નઝર મંકોરાની એક જમાઅત પર પડી કે, જે માટીના એક ટેકરા પર જમાઅ થઈને ઝોર-ઝોરથી આવાઝ કરી રહી હતી. આપે જાયું કે, એક મંકોરી જમાઅતના ગિરોહથી બિલકુલ અલગ છે અને પોતાના બચ્ચાં સાથે બારગાહે (બકીયાહ પેજ નં. ૮ પર)

**મૌ. ઈસ્માઈલ (અ.સ.) ની જગા પર જન્નતી કબશ નાઝિલ થયું. મૌ. ઈબ્રાહીમ (અ.સ.) એ આપના એવઝમાં તે કબશને ઝબેહ કરી દીધું.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૫
## અલવી અકીદાઓ - અકીદો-૫

**મુકદ્દેમો-પ્રસ્તાવના :**

અલ-ખમ્સતુલ અતહાર યાઅની પંજતને પાક અને આપની આલે અત્હરના અઈમ્મતે હક્ક - હક્કના ફાતેમી ઈમામોની હયાતે તૈયેબહ-પાકીઝા ઝિંદગી જહાનવાલાઓ વાસ્તે એક એવી આઅલા-ઊંચી મિસાલ છે કે, જો કોઈ તેને બરાબર ઈખ્તિયાર કરે અને તે મુજબ અમલ બજા લાવે તો તેની ઝિંદગી ઐબ અને કુસૂરથી ખાલી થઈ જાય. અઈમ્મતે હક્કની પાકીઝા ઝિંદગીના સાફ અને નૂરાની આઈનામાં શરીઅતના હર રૂકનને બાખૂબી જોઈ શકાય છે. શરીઅતના અરકાન અને ઈસ્લામી બુનિયાદી ઊસૂલ તેમજ અકીદાઓ અઈમ્મતે હક્કની સીરતો સૂરતથી ઝર્રા બરાબર પણ જુદા નથી. અપના ફાતેમી ઈમામોની ઝિંદગી એક એવો સરચશ્મો છે કે, જેમાંથી ઈસ્લામી અકીદાઓની હર તરહની નહેરો જારી થાય છે. અઈમ્મતે હક્કએ મઝહબે ઈસ્લામના અસલી અકીદાઓને સાચવીને રાખા અને આપને માનનારા મુમેનીનને પણ તેની હિફાઝત કરવાની હિદાયતો આપી. આ ફાતેમી તરીકા અને મઝહબ પર ચાલનારા અપને મુમેનીન ઈસ્માઈલી-તૈયેબી-અલવી જમાઅતના અકીદતમંદો છીએ કે, જેની ઝિક્ર અને શનાખ્ત આજે જહાનમાં આ અકીદાઓના સબબ મુમ્તાઝ છે, મુન્ફરદ છે અને મખ્સૂસ છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને આપના વસી મૌલાના અલી (અ.સ.) ના ઈન્તેકાલ બાદ આપના ફરઝંદો અને આલ માંથી નસ્સની સુન્નતના સબબ ફાતેમી ઈમામો આ જહાનમાં સિલસિલાવાર આજના દિન તક આવતા જ રહ્યા છે, પછી તે દૌર ઝાહિરી હોય યા બાતિની હોય. કોઈ ઝમાનો એવો ગુઝરો નથી કે, જેમાં ઈમામે હક્કની હાઝિરી ના હોય. હર ઈમામ એના વક્તમાં બયતુલ્લાહના માલિક-મમ્સૂલ હોય છે, મુમેનીનના કિબ્લા હોય છે. હર ઘર વાસ્તે તેના અહલ તો હોય જ છે. **તો ખુદાના ઘરના અહલ, ખુદા તરફથી પસંદ થયેલા ઈમામ જ હોય કે જેના તરફ જહાનના લોગો પોતાના ગુનાહોંને મુઆફ કરાવવા ખેંચાઈને આવે.** આ સબબથી ઈમામે હક્ક, બયતુલ્લાહના અહલ, યાઅની અહલુલ બૈત કહેવાય. ખુદાતઆલાએ રચેલી આ કામિલ શરીઅતના તમામ ઊમૂર ઝમાનાના ઈમામ સિવાય બીજું કોણ જાણી શકે! અપના ઈસ્માઈલી-તૈયેબી-અલવી અકીદાઓનું મરકઝ જ ઈમામે હક્ક છે અને મઝીદ અપને જોઈએ તો આપ ઈમામની પાકીઝા ઝિંદગી નો હરએક લમ્હો, શમ્મો અને વક્ત એ તરહથી હોય છે કે, આપની ઝિંદગી જ અપના હરએક અકીદાની નીંવ અને અસાસ બની જાય છે. એક બાદ બીજા, બાવાજી બાદ દીકરા, ઈમામોની ઝિંદગી એક એવી અતૂટ કડી બની જાય છે કે, **સદીઓ-સદીઓ ગુઝરી જાવાને બાવુજૂદ અપના એક પણ અકીદામાં ઝર્રા બરાબર યા ઝૈર-ઝબરનો ફરક પણ વાકેઅ થયો નથી.** ઈમામે હક્કના ખિદમતગુઝાર દોઆત અપના અલવી અકીદાઓને મુમેનીનના દરમિયાન વક્તના તકાઝા મુજબ ઝાહિર કરે છે અને દીને ઈસ્લામને સમઝવા વાસ્તે મદદ કરે છે. ઈમામે હક્ક અને આપના દોઆતની ખિદમતના દાએરામાં જે મુમેનીન રહે છે, તે અપના અકીદાઓને બાખૂબી જાણી લે છે અને તે મુજબ અમલ કરવામાં તેઓને કોઈ બોઝ, તકલીફ કે કરાહીયત થાતી નથી. કેમકે, અપના અકીદાઓ મુમેનીનની નફસોને સુકૂનો ઈત્મિનાન બખ્શે છે.

**અકીદો ૫ : અલ્લાહતઆલાનું જિસ્મ હોતું નથી.**

આ જહાનના પરવરદિગાર અલ્લાહતઆલાનું કોઈ જિસ્મ હોતું નથી અને એને જિસ્માની લેહાઝથી યા બદનની બંદિશના એતેબારથી તાઅબીર આપવી, પહેચાન આપવી અને એને કોઈ પણ તરહની સૂરત-ઢાંચામાં રજૂ

(બકીયાહ પેજ નં. ૮ પર)

**આ વાકેઆથી મૌ. ઈસ્માઈલ (અ.સ.) નો લકબ ઝબીહુલ્લાહ પડેલો છે.**

## આબાદ બચાવ
## બિઅરે શિહાબીનો એક એજાઝ

કારેઈન ગયા શુમારામાં બિઅરે શિહાબી કે, જે કૂવો પ્રતાપનગર પર જન્નતુમ મુમેનીન કબ્રસ્તાનમાં વાકેઅ છે, તેની તારીખ, હકીકત અને મોઅજિઝો પઢી ચુકા અને તેનાથી પોતાના કલ્બો ઝમીરને મુનવ્વર કરી ચુકા. આ કોઈ માઅમૂલી કે આમ કૂવો નથી. મગર ૩૪ માં દાઈએ મુત્લક સૈયેદના શેહાબુદ્દીન સાહેબ (આ.કુ.) ની યાદગીરી, બરકત અને શિફા છે. ૩૦૦ સાલથી વાકેઅ આ બિઅરે શિહાબી અપની જમાઅતના મુમેનીનની ૧૨ પૌત-જનરેશન જોઈ ચુકા છે. **દોઆતે કિરામ (રિ.અ.) ના ઝરીએ તેના પાનીથી મુમેનીન શિફાયાબ થયા છે અને મરહૂમીન વાસ્તે મગફેરત અને નજાતનો રસ્તો સાઝવાર કીધો છે.** ૪૧ માં દાઈ સૈયેદના ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના પૂરા ઝમાનામાં અને ૪૨ માં દાઈ સૈયેદના બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઈબ્તેદાઈ ઝમાનામાં કબ્રસ્તાનમાં આવનાર હર કોઈ મુમેનીન બિઅરે શિહાબીથી પાની પાઈને શિફા હાસિલ કરતા હતા. વક્ત ગુઝરતા અને તેમાં બેરોકટોક કચરો ઠલવાતા તેમાં પાનીનું ઝરણ બંધ થઈ ગયું અને બેદરકારી-ગૈર તવજ્જોહીનો આ તારીખી કૂવો શિકાર બની ગયો.

સૈયેદના સાહેબ આકા મૌલા (ત.ઉ.શ.) ની રઝાથી ૧ લી શાઅબાન ૧૪૪૦ હિ. થી બિઅરે શિહાબીને સાફ કરવાનું કામ શુરૂ કરવામાં આવું તો તે ફક્ત સફાઈ અને ખોદવા તક મહેદૂદ ન હતું. મગર આ મુબારક કૂવાના પાનીને પૂરા કબ્રસ્તાનમાં પહોંચાવવાનું હતું, જેમાં મૈયેત વાસ્તે ગુસ્લ પણ શામિલ છે. મરહૂમ સફીયુદ્દીનભાઈ ધોલકાવાલાના ઘર તરફથી લાખો રૂપિયાનો ઈખ્રાજાત કરવામાં આવો અને આ નેક ખયાલને હકીકતમાં તબ્દીલ કરી બતાવો. ૩૭ ફૂટ તક કૂવાને સાફ કરવામાં આવો જેમાં ૨૦ ફૂટ પર તો પાનીનું ઝરણ શુરૂ થઈ ગયું હતું. **આટલી ઓછી ગહેરાઈ પર પાનીનું જારી થાવું એક મોટો એજાઝ છે.** કૂવાનું પાની કબ્રસ્તાનના હર ગોશામાં પહોંચે તે વાસ્તે મસ્જિદે શિહાબી પર ૨૦૦૦ લિટરની ઓવરહેડ ટાંકી મુકવામાં આવી. કૂવાની તેહમાં જેટપંપ મુકવામાં આવો જેથી પાનીને આસાનીથી ટાંકી તક પહોંચાવી શકાય. ટાંકીને પાઈપલાઈનના ઝરીએ કબ્રસ્તાનના હર રસ્તાને જોડવામાં આવો. રસ્તાને બાઝૂમાં કોક મુકીને પાનીના આઉટલેટ મુકવામાં આવા, જેથી મુમેનીન ઝિયારત વાસ્તે કબરના ઊમૂરને આસાનીથી કરી શકે. ખાસ તો એ કે, કૂવાનું બાબરકત પાની કબરો પર છિડકી શકે.

એક સુનેહરો વક્ત હતો કે, સૈ. બદરૂદ્દીન સાહેબ (અ.સ.) ના વક્ત તક પૂરૂં કબ્રસ્તાન ફલદાર દરખ્તોથી ભરેલું હતું. કબ્રસ્તાનની ઝીનત અને રૌનક જ અલગ હતી. તરહ-તરહના ફલ અને ફૂલના દરખ્તો હતા. હરએક મૌસમમાં કબ્રસ્તાન તે દરખ્તોના સબબ ચહેકતું-મહેકતું હતુ. તેમાં આંબા, રાયણ, આમલી, બોર, ગોરસઆમલી, ચમેલી-જુઈ, મોગરા, કેવડો, ગુલાબ, શેહતુત, બદામ, લીંબું, જાંબુ, ચીકું, સરગવી, કઢીપત્તા, દાડમ, ફનસ, સોનચંપો, ગુલમોહર, આસોપાલવ, અન્નૂસ વગૈરહ ફલદાર, ફૂલદાર અને સાયાદાર દરખ્તો શામિલ હતા. વક્ત ગુઝરતા મૌસમના મારના સબબ યા પાની ના મિલવાના સબબ અને માવજત ના થાવાના સબબ, આ દરખ્તો આહિસ્તા-આહિસ્તા ખતમ થાતા ગયા. જે વક્ત કબ્રસ્તાનમાં હર જગે સાયો હતો તે વક્ત અપના મુમેનીન ઝિયારતની નિય્યતથી તો કબ્રસ્તાન આવતા જ મગર આ સાથે મુખ્તલિફ મૌસમમાં મુખ્તલિફ ફલો ખાવા અને મૌસમનો લુત્ફ ઉઠાવવા મસ્જિદના બાહર સહેનમાં, ખુલ્લા ચોગાનમાં ઝિયાફત જમવા આવતા અને પોતાના બાલ-બચ્ચાં અને અહલો અયાલ સાથે પૂરા ખાનદાનના લોગો સાથે પૂરો દિન ગુઝારતા હતા.

આ તારીખી અને શાનદાર કૂવાની ખૂબીથી હિફાઝત થાય તે વાસ્તે પૂરી તદબીર થઈ રહી છે. કૂવાની પાલી પર એક નાની દીવાર ઉભી કરવામાં આવી છે. તેના ઉપર કૂવાનું નામ, તેના પાનીની એહમીયત, તેની તારીખ અને તેના

(બકીયાહ પેજ નં. ૭ પર)

**હર સાલ હાજીઓ મિનાના મૈદાનમાં બેશુમાર ઝબીહતો કરે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

લગતી ઝરૂરી માઅલૂમાત દરજ કરવામાં આવશે. આના સબબ ઝાઈરીન બિઅરે શિહાબીની એહમીયતથી ખબરગીર થઈ શકશે. કૂવાને ગંદકી યા કચરાથી બચાવી શકાય તે વાસ્તે તેને ઉપરથી બંધ કરી દેવામાં આવશે એ તરહથી કે ઝરૂરત પડતા તેને પાછો આસાનીથી ખોલી શકાય. કૂવાને ઈર્દગિર્દ કબરોને શામિલ કરીને નવી બેઠકો બનાવીને, ઝમીનને હમવાર કરીને, દરખ્તો લગાવીને તેની તઝયીન-બ્યૂટીફીકેશન કરવામાં આવશે. યાઅની કે, મુખ્તસર એ કે **દોઆતે હક્કની આ લાકીમત વિરાસત બિઅરે શિહાબીને શિફાબખ્શ બનાવવાની હર મુમ્કિન કોશિશ જારી છે.** યકીનન, જન્નતુલ મુમેનીનની અરવાહે સાલેહીનની તાઈદ આ કારે ખૈરમાં હર વક્ત શરીકે હાલ છે.

બિઅરે શિહાબીનું કામ જે વક્ત ચાલતું હતું, તે વક્ત દિવસો તક ચંદ મઝદૂર કબ્રસ્તાનમાં હાઝિર રહેતા હતા. કૂવામાં જેમ જેમ કચરો ઓછો થાતો ગયો તેમ તેમ પાની સાથે માટી મિલીને કીચડ બની ગયું. તેને બાહર કાઢવા વાસ્તે પંપ મુકવો પડો. કૂવા માંથી કીચડવાલું પાની બરાબર નિકલે તે વાસ્તે મઝદૂર તકેદારી રાખવા લાગા. **આ વક્ત એક સબકઆમૌઝ અને ઈબ્રતનાક વાકેઓ બનો.**

બપોરનો વક્ત હતો અને એક મઝદૂર પંપની સ્વીચ ચાલુ કરીને કૂવાના બાહર પાલી પર મોટો પાઈપ પકડીને બેસો હતો. બીજો એક મઝદૂર સીડીથી નીચે ઉતરીને કૂવાની તેહમાં ઉભો રહીને ગંદું પાની બાહર ફેંકાય તે વાસ્તે પાઈપને પાનીમાં ડુબાવીને રાખો હતો. ખુદા-માઅલૂમ ઈલેક્ટ્રીક સપ્લાયમાં શું થયું કે, કૂવાની પાલી પર બેસેલા મઝદૂરને એવો સખ્ત ઝાટકો લાગો કે તે ઉછલીને કૂવાને અંદર માથાને બલ પટકાયો. જાનલેવા આ હાદેસામાં પાનીની મોટર એક જગે ફંગોલાઈ અને બીજી તરફ મઝદૂર ઝોરથી પટકાયો. પહેલે તો તે મઝદૂરનું માથું સીડી સાથે ટકરાયું અને પછી કૂવાને અંદર ઉભેલા બીજા શખ્સને પગ નઝદીક તેનું માથું પછડાયું. થોડી વાર તક તો ત્યાં હાઝિર મઝદૂરોને લાગું કે, ૨૫ ફૂટની ગહેરાઈ પર પટકાયેલો સાથીદાર બચશે કે નહીં.

પટકાયા પછી પણ તેને હોશ હતો. ધીમેધીમે તેને કૂવા માંથી બાહર કાઢો. માથા માંથી ખૂન જારી હતું અને તેના હાથપગ કમ્ઝોર થઈ ગયા હતા. કામ બંધ કરી દેવામાં આવું અને તેને ફૌરન ડૉક્ટરી તપાસ વાસ્તે તેના સાથીઓ હોસ્પિટલ લઈ ગયા. ડૉક્ટરે તપાસ કીધી તો બધું બરાબર હતું. ત્રણ-ચાર કલાક તક ઓબઝરવેશનમાં રાખો, બોટલ ચઢાવો અને પછી માથા પર પટ્ટી બાંધીને રઝા આપી દીધી. જે વક્ત તેને બરાબર હોશ આવો તો કૂવાની સફાઈ કરનાર તેના સાથીદારે પૂછ્યું કે, તારા સાથે શું બનું હતું? તું જાણે છે કે, તારી કૂવામાં પટકાયા પછી શું હાલત હતી અને હમેં કઈ તરહ તુંને હોસ્પિટલ લઈ આવા?

તે મઝદૂરે કહ્યું કે, "જે વક્ત મને ઝાટકો લાગો અને મેં ફંગોલાયો તો જાણે કોઈએ મને હાથમાં ઉચકીને કૂવામાં મુકી દીધો હોય એમ મને લાગું. કોઈ ગૈબી તાકત મારી મદદે હોય એવો મને એહસાસ થયો. બાકી જ્યારે હું વિચાર કરૂં છું કે, આ મુજબ પછડાયા પછી હું કઈ રીતે બચી ગયો. તે સાચ્ચે મને સમઝાતું નથી." એવી હાલતમાં પણ તે મઝદૂર, તેની બૈરો અને બચ્ચાં બીજે દિન ફજરમાં કબ્રસ્તાન આવા. તેઓ ખાલી હાથ ન હતા. મગર **કબ્રસ્તાનના રૂહાની બાદશાહો તરફ તેનું યકીન છલકતું હતું.** તે શખ્સ ફૂલો લઈને આવો અને બેવે રોઝામાં ત્રણે દોઆતે કિરામ (રિ.અ.) ની કબરો પર ફૂલ ચઢાવા, પગે લાગો અને એહસાન માનું કે, તે દોઆતે તેને મૌતના મૂઁહ માંથી આબાદ બચાવી લીધો અને એક નવી ઝિંદગી અતા કીધી.

દોઆત-હોદાત પોતાના મુમેનીનને આફત-બલામાં યારીદૈન થાવા, નુસ્રત કરવા અને ઈમ્દાદ પર આવવા હર લમ્હા હાઝિર-હુઝૂર છે. નામ પુકારો, તસ્બીહ કરો, વસીલો લો ને હાઝિર થઈ જાય છે. બસીરતથી ભરેલી નઝર

(બકીયાહ પેજ નં. ૮ પર)

**ચોપાયા હલાલ જાનવરની ઝબીહત કરવી યાઅની ઈમામે હક્કને કોઈ મુમિન મીસાક આપે તેના મિસિલ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

કરવું નામુમ્કિન છે. કેમકે જિસ્મની હદ હોય છે, આડ હોય છે અને તે એક હોતું નથી પણ મુખ્તલિફ હિસ્સાના એકબીજા સાથે જોડાવવાના સબબ બનેલું હોય છે. જિસ્મ ખુદ કઈ કરી શક્તું નથી મગર તેને હરકતમાં લાવવા વાસ્તે કોઈ બાહરી તાકતની ઝરૂરત પડે છે. કોઈ પણ જિસ્મ પોતાની ઝાતથી બનેલું નથી, મગર તેને કોઈ બનાવનાર મૌજૂદ હોય છે. જિસ્મ તેને બનાવનારનું મોહતાજ હોય છે. આ ચીઝ અક્લના દાએરાથી બાહર છે કે, અલ્લાહતઆલાનું કોઈ જિસ્મ હોય શકે! એ કઈ તરહ મુમ્કિન છે કે, ખાલિકનો કોઈ ખાલિક હોય, યાઅની કે તમામ જિસ્મોને બનાવનારનો કોઈ બનાવનાર હોય!

હર જિસ્મ તેના બનાવનાર સાથે તઅલ્લુક રાખે છે. જિસ્મને બનાવનારનો ઐન મકસદ એ હોય છે કે, તે પોતાની બનાવટના ઝરીએ પોતાની હુશિયારી અને ફનકારીને કમાલ તક પહોંચાવી શકે. તમામ તખ્લીકે કાએનાતનો કમાલ તો અલ્લાહના હાથમાં છે, એની મરઝીમાં છે, તો પછી એવો કમાલનો ખાલિક **એક ફાની જિસ્મમાં કૈદ કઈ તરહ થઈ શકે?** અલ્લાહતઆલા આ તમામ ચીઝથી બરી છે, પાક છે કે, કોઈ બીજો બનાવનાર એનું જિસ્મ બનાવે અને તે અલ્લાહની પૈદાઈશમાં એના બનાવનારની કોઈ ગરઝ હોય, કોઈ હાજિત હોય અને એમ સાબિત થાય કે, ફલાનો હતો તો જ અલ્લાહતઆલા જિસ્મ લઈને આવા. આ ફિકર, સમઝ અને કલામ ઘણા જ ફસાદદાર છે અને આ તરહ કહેનાર પર વાજિબ છે કે, તે પોતાની અક્લની દવા કરે અને તેના બિગડેલા અકીદાને અહલે ઈલ્મને નઝદીક જઈને સુધારે. અલ્લાહતઆલાનું જિસ્મ છે, આ ફાસિદ વાત પર હમારા ઈન્કારની વાત બિલકુલ સાબિત છે અને હમારા અકીદાની પુખ્તગી એ જ છે કે, અલ્લાહતઆલા આ જહાનની માદ્દીયત અને જિસ્માનીયતથી બરી છે, બે નિયાઝ છે. ✫

---

(પેજ નં. ૪ નું બાકી)

ઈલાહીથી વરસાદ તલબ કરવા ખૂબ આહો ઝારી કરી રહી છે. આપે તે મંકોરીને એમ દોઆ કરતા સાંભલી કે, “અય હમારા ખુદા! હમેં તારા બેહદ નાના મખ્લૂક છીએ. તારા રિઝક અને પાની બગૈર હમેં જીવી શકત્તા નથી. **તું હમારા કશીદા હાલાતથી વાકિફ છે.** તું હમ બેગુનાહોંને ગુનાહગારોંના બદ આઅમાલના સબબ હલાક ના કર. તું હમને આ મુજબ સઝા ના આપ.”

મૌ. સુલૈમાન નબી જે લોગોની જમાઅત સાથે વરસાદ માંગવા નિકલા હતા, તેઓને મુખાતિબ થઈને ફરમાવું કે, અય લોગો! ચલો, હમેં પાછા ચાલા જઈએ. હમારી નહીં પણ એક અદના મંકોરીની દોઆ વરસાદને તલબ કરવા વાસ્તે કાફી છે. હમારી દોઆ કરતા તે નાની મંકોરીની દોઆમાં ઝિયાદહ તાકત છે. ખુદાતઆલાની નઝરમાં હમ ગુનાહગારોં કરતા એક કમ્ઝોર મંકોરીની આઅલા ઈઝઝત અને નવાઝિશ છે. નાની મખ્લૂક ભલેને જોવામાં નાની લાગે મગર દોઆના લેહાઝથી તે અઝીમ હોય છે.✫

---

(પેજ નં. ૭ નું બાકી)

અને યકીનથી ભરેલું દિલ જોઈએ. હમણા જ તાઝો કિસ્સો અને ઝિંદા એજાઝ બિઅરે શિહાબીનો બનેલો છે કે, જેમાં કૂવામાં એક મઝદૂરનો આબાદ બચાવ થયો અને **તેને એક નવી ઝિંદગી મિલી.** આવા વાકેઆતથી હમને ઈબ્રત લેવી જોઈએ અને દોઆતે હક્ક પર જે હમને યકીન અને તકીયો છે તેને ઔર મઝબૂત કરવું જોઈએ. જમાઅતમાં મુમેનીનના ઘરોમાં એવા બુઝુર્ગ અફરાદ હોય જે દોઆતે હક્ક યા જમાઅતના મુતઅલ્લિક વાકેઆત અને કિસ્સા જાણતા હોય તે દાઅવતની ઓફિસ પર આવીને દરજ કરાવી શકે છે અને કોઈ પણ ઝરીએ તે વાકેઆની ઓડીયો ક્લીપ પણ સાહેબે દાઅવતને મોકલી શકે છે. ✫

**જાનવરના ગરદનથી ખૂન રવાઁ થાય એટલી ખુદાતઆલા તેના જાનને પાકીઝા કરીને તરક્કી બખ્શી દે છે.**

## અહમદાબાદમાં ફિત્નાની જડ

### મોહંમદ તાહેર નહેરવાલી પટણી

સૈયેદી ખૌજ બિન મલક કપડવંજી સાહેબ (રિ.અ.) આપના એક રિસાલહ "બઝરૂલ મહબ્બત" માં લિખી ફરમાવે છે કે, ૯૮૫ હિ./૧૫૭૭ ઈ. ને કરીબ મુગલ બાદશાહ જલાલુદ્દીન અકબરે જે વક્ત અહમદાબાદ પર ચઢાઈ કીધી, લશ્કરકશી કીધી, અહમદાબાદ સાથે પૂરા ગુજરાતના ઈલાકાને પોતાના કબ્ઝામાં લીધો અને પોતાના પાયએ તખ્ત આગરા તરફ ગયો, તે વક્ત અહમદાબાદમાં પોતાના ખાસ મદદગાર મીરજહાનને વાલી બનાવી ગયો. તે વક્ત દાઅવતે શરીફહની મસ્નદે તૈયેબી પર ૨૬ માં દાઈએ મુત્લક સૈયેદના દાઊદજી બુરહાનુદ્દીન બિન સૈ. અજબશાહ સાહેબ (આ.કુ.) જલ્વાઅફરોઝ હતા. સૈયેદનાના સાયએ શફકતમાં મુમેનીનને રાહત હતી. રોઝી આસાન, સહેલ અને બરકતવંતી હતી. મુમેનીન ફલાહો બહેબૂદ હતા. સુખ-ચૈનથી તમામ રહેતા હતા. પોતાના દીન અને તહેવારોને ઈઝહાર કરવાની તમામને આઝાદી હતી. કૌમના રાહનુમાઓ અને બુઝુર્ગોનો હર જગે એહતેરામ હતો.

જેમ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, ઝરૂર ઉસ્રતના સાથે યુસ્રત હોય છે, સખ્તીના સાથે સહેલાઈ હોય છે. દુઃખના સાથે સુખ હોય છે. આફતના સાથે રાહત હોય છે. ફિત્નાના સાથે ફલાહ હોય છે. પણ થોડા અરસામાં જ અહમદાબાદથી પાટણ તકના ઈલાકામાં જે જે કરીયાઓ-ગામડાઓમાં મુમેનીન આબાદ-શાદ હતા તે જગાઓ પર વબાની હવા ચાલી. ફિત્ના-ફસાદની આગ ભડકી. **આ ફિત્નો ફેલાવનાર મોહંમદ તાહેર નહેરવાલી પટણી હતો.** તેના ખૂંખાર સાથીદારોના સબબ આ પટણી નાપાક મન્સૂબામાં કામિયાબ થઈ ગયો. એ હદ તક કે, તેએ વાલીએ અહમદાબાદ મીરજહાન પર હમ્લો કીધો અને તે એવો વહેશતનાક હતો કે, તેએ અહમદાબાદ છોડીને નાસી જાવું પડું. મોહંમદ પટણીએ અહમદાબાદમાં એવો પગદંડો જમાવો કે, થોડા જ દિવસોમાં તે અહમદાબાદનો વાલી-હાકિમ બની બેસો.

મોહંમદ નહેરવાલી શીઆઓનો આમ તૌરથી અને બોહરાઓનો ખાસ તૌરથી અવ્વલ દરજાનો દુશ્મન હતો. અહમદાબાદને પોતાના કબ્ઝામાં લીધા બાદ તે અને તેના શયતાનોએ મુમેનીન પર ઝુલ્મ કરવાનું શુરૂ કીધું. આ ઝાલિમ નહેરવાલીની મદદ પર બીજા ત્રણ તેના સાથીઓ હતા જે સૂરત શહેરથી આવા હતા. રોઝ રાતે તરહ-તરહની મહેફિલો કરતા હતા. રકસબાઝી, કુમ્મારબાઝી, શરાબખોરી, ઝિના, હુસ્નફરોશીની બદીમાં ગરકાવ હતા. ખૂબ દૌલતમંદ અને ઝરદાર હતા. નહેરવાલીના ઝુલ્મમાં તે લોગો પણ શરીક હતા. તે લઈન મુમેનીનની દૌલત પર ઝાલિમાના કબ્ઝો જમાવવા લાગો. બેશુમાર માલ-મિલ્કીયતનો નાહક્ક માલિક બની ગયો. અલ્લાહનો અઝાબ એ તરહ નાઝિલ થયો કે, તે ત્રણ સાથીઓ પર એક સફર દૌરાન હમ્લો થયો અને તે સઘલા હલાક થયા.

મગર આ લઈન નહેરવાલીનું ઝૌર કમ ના થયું. તેએ નુબૂવતનો દાઅવો કીધો. પોતે મુસલમાનોનો ઈમામ છે એમ ઝાહિર કીધું. જૂઠ અને મકરની બિના પર તેએ પોતાના ૧૨ નકીબો કાઈમ કીધા, યાઅની એવા ૧૨ શખ્સો જેઓ ઈમામ તરફ લોગોને બોલાવે યા ઈમામનો પૈગામ લોગોને દરમિયાન ફેલાવે. લોગોમાં મશ્હૂર થાવા અને પોતાની ફિત્નાની જાલ નાંખવા તેએ દીનના એહકામ બાબત તબ્દીલી કરવાનું શુરૂ કરી દીધું. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની કાઈમ મકામીના ઈન્કાર સાથે **તે લઈન અપના મુમેનીન યાઅની કૌમે બવાહિરને નઊઝોબિલ્લાહ કાફિર અને રાફઝી કહેવા લાગો.** તેની આ મકરબાઝીથી મુમેનીનની જમાઅતમાં દહેશત અને ખૌફ પૈદા થઈ ગયો. સઘલા મુમેનીન સૈયેદનાની હઝરતમાં નુસ્રત, મદદ અને યારી દેવા વાસ્તે દોડી આવા.

આ માજરો ચાલતો હતો કે, નહેરવાલીએ સૈયેદના સાહેબને એક ખત લખો. તેમાં એમ લખું હતું કે, "અય કૌમે બોહરાના રઈસ! તમેં મને તાબેઅ થાવો. હું જેમ કહું તે રસ્તા ઉપર તમેં ચાલો. તમેં તમારા બોહરા અકીદાને મુકીને (બકીયાહ આવતા શુમારામાં) ✯

**જાનવર તે જ વક્ત હલાલ કહેવાય કે, જેની ઝબીહત ખુદાતઆલાના નામ પર થાય અને આ નામો અઈમ્મતે આલે મોહંમદ (અ.સ.) થી તઅલ્લુક રાખે છે.**

## ખાનદાની શરફ

અલ્લાહતઆલા કુરઆને કરીમની સૂરતુલ હોજોરાતમાં ફરમાવે છે કે, "અય ઈન્સાનો! હમેં તમને નર અને નારી (મરદ-બૈરો) બનાવીને પૈદા કીધા છે અને તમને જુદા-જુદા ખાનદાનોમાં, કબીલાઓમાં યા ઝાતોમાં બનાવી દીધા છે, જેના સબબ તમેં સઘલા આપસમાં એકબીજાથી ઓલખાણ કરો, યાઅની કે રિશ્તા બનાવો. બિલાશક! અલ્લાહને ઝિયાદહ નઝદીક અને અઝીઝ તમારા માંથી જે મુત્તકી હોય, તે છે. અલ્લાહતઆલા ઈલ્મવાલો છે અને ખબરદાર છે."

ઉપર મઝકૂર આયતમાં અલ્લાહતઆલાએ લોગોને ખાનદાની શરફ યા કબીલાની મ્હોટાઈ યા ઝાતી બલંદી યા પોતાની નસલની શોહરત પર ફખર ખાવા પર મનાઈ કીધી છે. ખૂન અને નસલના એતેબારથી કોઈ આઅલા કે અદના નથી. અલ્લાહને નઝદીક અઝીઝ અને મહેબૂબ તો તે જ શખ્સ છે કે જે મુત્તકી હોય, ઈલ્મો અમલ તેના બરાબર હોય, ખૌફે ખુદા રાખતો હોય અને હર વક્ત ખુદના ગુનાહ વાસ્તે તૌબા કરતો હોય. કરામત અને ઈઝઝત એવા જ શખ્સ વાસ્તે છે. **દીને ઈસ્લામે તમામને એક સફમાં લાવીને ઉભા કરી દીધા છે.** જાહિલીયતના ઝમાનાની આપસી ઊંચ-નીચને મિટાવી દીધી છે. ઝાત અને કબીલાના ફખર પર થાતી જંગોને ખત્મ કરી દીધી છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, હલાકી છે તે શખ્સને વાસ્તે કે, જે જેહાલત-લાઈલ્મીના સબબ ખાનદાન-ઝાત પર ફખર કરે છે. **સઘલા જ ઈન્સાનો એક માઁ અને એક બાવાજીથી પૈદા થયા છે.** સઘલા જ ગોશ્ત-પોસ્ત અને હાડકાઓના પુતલાઓ છે. એમાંથી કોઈ પણ સોના-ચાંદી-લોખંડ-પીતલ-તાંબાથી પૈદા નથી થયા, તો પછી ફખર શેના ઉપર અને કેવી તરહ કરાય! અલ્લાહતઆલા તો તકવા-ખૈર અમલને પસંદ કરે છે. તેના નઝદીક ખાનદાન નહીં મગર તે શખ્સ કે, જે દીનને દીનના જ સાહેબથી સમઝે, જાણે, માને અને તેના ઉપર ચાલે તે ઝિયાદહ કરામતદાર છે.

ખાનદાની શરફને ચાર ચાઁદ તે વક્ત લાગી જાય છે કે, જે વક્ત તે અહેલ-કુંબા-ખાનદાનના લોગો પરહૈઝગાર, દીનદાર અને ખિદમતગુઝાર હોય. હક્કના દાઈની મોહબ્બતનું દમ ભરતા હોય. કોઈ ગરઝ-લાલચ બગૈર ખિદમતનો બેડો ઉઠાવો હોય. તે લોગોની ઝિક્ર કરવી અને ઈબ્રત હાસિલ કરવી એક મોટી હસનત છે અને તેમના નક્શે કદમ પર ચાલવું મોટી કામિયાબી છે. મિશ્કાતુલ હાદીના આ સાલના મોહર્રમ-સફર મહીનાના શુમારામાં "જલ્વએ ઈમામુઝઝમાન (અ.સ.) અને સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) - મોઅજિઝો" ના ટોપિકનો એક મકાલો શાયેઅ કરવામાં આવો હતો. તે મઝમૂનમાં અલ-હાજ્જ નૂરભાઈ રંગવાલાની ઝિક્ર અને કિસ્સો હતો. સૈયેદના ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) સાથે ઈમામુઝઝમાન (અ.સ.) નો **નૂરાની-કુદસાની રાબેતો કેવો હતો તેનો જલ્વો નૂરભાઈએ જોયો હતો.** નૂરભાઈ સાયા જેમ ફખરૂદ્દીન મૌલાની ખિદમતમાં રહેતા હતા અને આપના ઉપર જે તરહથી યકીન હતું તેની મિસાલ મિલવી મુશ્કિલ છે.

એ,મા પોતા મીયાંસાહેબ ફખરૂદ્દીન રંગવાલાએ પણ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાનમાં દાઅવતે શરીફહની દિલો જાનથી ખિદમત બજા લાવી. આઁખની મિચકાર બરાબર પણ માઅસીયત કીધી નથી. મીયાંસાહેબના બાબાજી હુસૈનઅલી અને દાદાજી નૂરભાઈ. આ અખ્બારના ઝરીએ જે વક્ત નૂરભાઈનો કિસ્સો આશ્કાર થયો, એની હકીકત ઝાહિર થઈ તો મીયાંસાહેબના અહેલના લોગોએ નિય્યત કીધી કે, આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ને ઈઝને ખાસ પૈશ કરે અને આપના દસ્તે મુબારકથી નૂરભાઈની કબર પર ચાદર ચઢાવે. એટલું જ નહીં પણ રંગવાલા-લિંબોડીવાલા-સંખેડાવાલાનો પૂરો કુંબો ઝિયારતની નિય્યત-સર જમાઅ થાય અને (બકીયાહ પેજ નં. ૬ પર)

**ઈદુલ અઝહા, મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની કોહે તૂર પર ઈબાદત અને તજલ્લીની યાદ અપાવે છે.**

(પેજ નં. ૫ નું બાકી)

સૈયેદના સાહેબની હક્કની ઝબાનથી નૂરભાઈ, હુસૈનઅલી અને મીયાંસાહેબ ફખરૂદ્દીનની ઝિક્રે ખૈર સાંભલીને એમની ઈબાદત-ભરી ઝિંદગીના ખિદમતના કારનામાઓને યાદ કરે.

આ વાસ્તે ઈઝને ખાસ પૈશ કરવામાં આવું અને આપ મૌલા ૯ મી શવ્વાલ ૧૪૪૦ હિ., બુધવારે ફજરની નમાઝ બાદ કબ્રસ્તાન પધારા. નૂરભાઈની કબરના નઝદીક ફૂલોની ચાદર સાથે પૂરો કબીલો હાઝિર હતો અને આપે એમના વાસ્તે દોઆએ મગફેરત ફરમાવી. તે બાદ સૈયેદના બદરૂદ્દીન સાહેબના ઝમાનના બે મુલ્લાં સાહેબો, **મુલ્લા હુસૈનઅલી ચાઁદખાઁ અને મુલ્લા મોહંમદખાઁની** કબર પર પણ પધારા અને એમની ઝિક્રે ખૈર કીધી. આ સાહેબોએ દાઅવતે હક્કની બેલૌસ ખિદમત કીધી છે.

મસ્જિદે શેહાબીમાં મજલિસ મુન્અકિદ થઈ જેમાં આકા મૌલાએ ફરમાવું કે, "હરએક ફરઝંદ અને નવી પૌત પર લાઝિમ છે કે, જે કારે ખૈર પોતાના આબાઓ અજદાદ-બાવાજીઓ કરી ગયા હોય, ઈમાન અને ઈબાદત પર ચાલીને પોતાની દૌલત માંથી સખાવત કરી ગયા હોય, ખિદમતના સબબ જમાઅતમાં નામવરી પૈદા કીધી હોય, **દાઈયુલ્લાહની ખુશી મુજબ હર કામને લઈ ઉઠા હોય**, તો ફરઝંદો પણ તે મિસિલ જ અમલ કરે, બુઝુર્ગોના નકશે કદમ પર ચાલે, ખાનદાની નામવરીને ખિદમત અને સખાવતથી ઔર ખિલાવે, વધારે અને તે તરીકાને ઉજાગર કરે. નૈકોકાર દીકરાના સબબ તેના બાવાજીની નૈકોકારીની યાદ તાઝા થાવી જોઈએ."

રંગવાલા કુટુંબનો એ વતીરો હતો કે, સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઉર્સ મુબારક જે વક્ત આવે તો ઘરના બધા જવાનો આપની કબર પર સાયાફિગન **પીતલની છતરીને સાફ કરવા અને ચમકાવવા** જમાઅ થાતા હતા અને તેને ખૂબ ઝીનત આપતા હતા. આ સાથે ખીરની મીઠાશ બહેરમના મૌકા પર આ જ કુટુંબના લોગો બનાવતા હતા અને જે તરહ ખીર બનતી હતી અને ઝાયકો આવતો હતો, તે મિસિલ થાવું હવે મુશ્કિલ છે. પણ કાબિલે ઝિક્ર ચીઝ એ છે કે, આજે પણ આ જ કુટુંબમાં ઉર્સના મૌકા પર મલીદો અને મરહૂમીનના ફાતેહા વાસ્તેની મીઠાશ બનાવવાની રસમ જારી છે.

અય મુમેનીન મુશ્ફેકીન! ખાનદાની શરફ કરતા દાઅવતે હક્ક સાથેના રૂહાની તઅલ્લુકાત કે જે અકીદતમંદી અને રઝામંદી પર મબ્ની છે, ઝિયાદહ એહમીયત રાખે છે. સૈયેદના ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) થી હમણા તક, એમ સમઝો કે ૧૫૦ સાલની મુદતમાં એવા બેશુમાર ખાનદાન છે, કુટુંબો છે કે જેના વડૌવાઓએ દાઅવતે હક્કના સાયામાં રહીને જમાઅતના મુમેનીનની બેઈન્તેહા ખિદમત કીધેલી છે. પણ વક્ત જાતા તેઓની ખિદમતની ઝિક્ર પર પડદો પડી ગયો છે. તેઓની નૈકનામી મુમેનીનના દિલો પરથી અને ઝહેનની કિતાબ માંથી ભુસાઈ ગઈ છે. પણ મૌકા-દર-મૌકા, વક્તન-ફ-વક્તન દાઈએ હક્ક તે સાહેબોની ઝિક્ર અને એહસાનાતને તો આપના બયાનોમાં લાવે જ છે.

જે મુજબ રંગવાલા કબીલાએ એમના વડૌવા અલ-હાજ્જ નૂરભાઈની ખિદમત અને ઝિક્રને તાઝા કીધી, એમના સબકઆમૌઝ કિસ્સાને મન્ઝરે આમ પર લાવા, આકા મૌલાને યાદ ફરમાવીને ફાતેહા-ખ્વાની કરાવી, કબીલાના તમામ હાઝેરીન વાસ્તે નાશતાનો ઈન્તેઝામ કીધો, તે મુજબ દીગર મુમેનીન પણ આ તરહની મજલિસ રચીને, કબીલાને જમાઅ કરીને ઈસ્તેફાદો હાસિલ કરી શકે છે. પોતાના મરહૂમીન વડૌવાઓ-આબાઓ અજદાદ જે તે ઝમાનમાં ખિદમત કરી ગયા તેની પરહેઝગારી, ખિદમત, સખાવતના કિસ્સા અને વાકેઆતને દાઈએ હક્કને તલબ કરીને, ફાતેહા-ખ્વાનીની મજલિસ રચીને, કબર પર ચાદર ચઢાવીને, ઘરાન નઝદીકના અહેલને બોલાવીને ઉજાગર અને તાઝા કરી શકાય છે. તે ઝમાનાની શાનને આશ્કાર અને ઝાહિર કરી શકાય છે. આ નુસ્ખો અને તરીકો મરહૂમીનની મગફેરત અને ઈસાલે સવાબ વાસ્તે આઅલા અને અશરફ છે. ☆

**કેયામત તક ઝબીહતના જાનવરોંમાં કોઈ કમી આવશે નહીં, કેમકે ઝબીહત તે ખુદાતઆલાનો હુકમ અને સુન્નત છે.**

## મરસીયા

**દર બયાને શહાદતે ફરઝંદાને મૌ. મુસ્લિમ (અ.સ.)**

૧) જબ કૂફે સે ખત આએં હઝારો શહે દીં પર,
હયદર કે જિગર ફાતેમા કે માહે જબીં પર,
અહમદ કે મુજાવિર પે મદીને કે મકીં પર,
જન્નત કે જવાઁ અરશે મુઅલ્લા કે નગીં પર,
ઝયનબ સે કહા કૂફા તરફ જાના હે બહેના,
જો વાઅદા કીયા હે ઉસે બહેના હે નિભાના.

૨) ફિર રૌઝે પે નાના કે ગયે સિબ્તે પયમ્બર,
ફરમાયા વતન છોડતા હે આપકા દિલબર,
સુગરા કે સિવા દેખો મેરે સાથ હે સબ ઘર,
મુશ્કિલ મેં મદદ કીજીએ નાના મેરી આ કર,
ખત કૂફીયોં કે આને સે નાના મૈં ચલા હૂં,
મરકદ સે છુટા દેખો ચલા કરબોબલા હૂં.

૩) મરકદ સે સદા આઈ કે બેટા મેરે શબ્બીર,
રોતી હે બહેન આપકી ઝૈનબ મેરે દિલગીર,
શબ્બીર તેરે કત્લ કી યે હોતી હે તદબીર,
મકતલ કી ઝમીં પર તુમ્હેં લે જાતી કે તકદીર,
મરકદ મેં મુઝે ચૈન કહાઁ બેટા હે શબ્બીર,
હે શિમ્ર કી અબ તૈગ ગલા તેરા હે શબ્બીર.

૪) ફિર ફાતેમા કી કબ્ર પે રોતે હુએ આએ,
અમ્મા હે મુઝે કૂફીયોં ને દેખો બુલાએ,
સબ કાફલા હે સાથ મેં જાએ કે ન જાએ,
આઈ યે સદા કબ્ર સે કે ચૈન ન પાએ,
અબ ચૈન કહાઁ ઝુલ્મ કી તદબીર હે બેટા,
કૂફીયોં કી અબ તૈઝ વો શમ્શીર હે બેટા.

૫) ફિર કબરે હસન ચૂમ કે રોતે હુએ આએ,
સુગરા કો ગલે રોરો કે આકા હે લગાએ,
અય બેટા સફર સખ્ત હે તુમ કહે દો કે જાએ,
યે સુનતે હી સુગરાને પછાડે વહાઁ ખાએ,
અય બાબા સકીના કો લીએ જાતે હો બાબા,
બીમાર કો ક્યૂં છોડે હુએ જાતે હો બાબા.

૬) સમઝા કે ગલે શાહ ને સુગરા કો લગાયા,
કઈ સબ્ર કે અલ્ફાઝોં કો રોરો કે સુનાયા,
ચંદ રોઝોં મેં ફિર આએગા યે ઝહેરા કા જાયા,
નાના કે મદીને મેં ભી આરામ ન પાયા,
ઉમ્મત કી નજાતી કે લીએ જાતા હે શબ્બીર,
ક્યા આગે હમેં બેટા દિખા જાતી હે તકદીર.

૭) મુસ્લિમ કો બુલાકર કહા તુમ કૂફે કો જાઓ,
પૈગામ મેરા કૂફે મેં તુમ જા કે સુનાઓ,
મુસ્લિમ ને કહા બેટોં કો મૈં સાથ લેજાઓ,
પૌશાકે સફર પહેન કે અય લાડલો આઓ,
બચ્ચોં કો લિયે કૂફે મેં રાહી હુએ પહેલે,
મુસ્લિમ વો રહે હક્ક મેં ફિદાઈ હુએ પહેલે.

૮) અય હાઝેરીને બઝમ યે રિક્કત કી ઘડી હે,
મુસ્લિમ પે અજબ આફતેં કૂફે મેં પડી હે,
સર કટ ગયા ઔર લાશ કી ભી દર-બ-દરી હે,
ઔર રૂહે અલી રોને કો લાશે પે ખડી હે,
આતી હે સદા ઝહરા કી મુસ્લિમ કો હે મારા,
પરદેસ મેં મહેમાન પે ક્યા ઝુલ્મ ગુઝારા.

૯) મુસ્લિમ કો મેરે લાલ કો કોઠે પે ચઢાયા,
સર કાટ કે લાશે કો રસન-બસ્તા બનાયા,
કૂફે મેં ઉન્હેં ખીંચકે દર-દર હે ફિરાયા,
અફસોસ જફાકારોં ને કોઠે સે ગિરાયા,
સર કૂફે કે દરવાઝે પે લટકાયા હુવા હે,
યે ઝુલ્મ ઝમાને મેં ન દેખા ન સુના હે.

૧૦) અબ ગમ કા બયાઁ તુમ કો સુનાતા હે યે ઝાકિર,
જબ કત્લ હુવા કૂફે મેં વો પહેલા મુસાફિર,
દો બચ્ચે લીયે સાથ થે મુસ્લિમ હે યે ઝાહિર,
થી બેવતની રાસ્તે સે વો ન થે માહિર,
વો છુટ ગયે મુસ્લિમ સે યતીમોં પે જફા થી,
બચ્ચોં કી ઝબાઁ પર તો સદા યાદે ખુદા થી.

૧૧) ક્યૂં અહલે અઝા, યાદ હે ઔલાદ કી ઉલ્ફત,
માઁ-બાપ કી આઁખોં મેં હે બચ્ચે કી મોહબ્બત,
બીમાર પિસર હોવે તો મચતી હે કેયામત,
મુસ્લિમ કે યતીમોં કી સુની દર્દ કી આફત,
પરદેસ મેં મઝલૂમ કહાઁ ભાગ કે જાએ,
દુશ્મન થા ઝમાના ઉન્હેં કૌન આકે બચાએ.

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

(પેજ નં. ૧૨ નું બાકી)

૧૨) હે દર્દભરી બચ્ચોં કી મુસ્લિમ કી કહાની,
અબ ચાહીએ મજલિસ મેં ઝરૂર અશ્કફિશાની,
આફત મેં ગિરફતાર થે મુસ્લિમ કે વો જાની,
થે ઢુંઢતે બચ્ચોં કો લઈ ઝુલ્મ કે બાની,
બસ્તી સે નિકલ નદ્દી પે વો જાકે છુપે થે,
એક ઝાડ કે સાયે મેં વો હાઁ આકે છુપે થે.

૧૩) એક લોંડી વહાઁ આ ગઈ ભરને કો જો પાની,
પાની મેં નઝર પા ગઈ દો શિક્લે નૂરાની,
કહેને લગી બચ્ચોં સે કે તુમ કિસકે હો જાની,
કયા કાફલે સે છૂટે હો તુમ યૂસુફે સાની,
તુમ અર્શ કે તો તારે નઝર આતે હો મુઝકો,
મુસ્લિમ કે પિસર પ્યારે નઝર આતે હો મુઝકો.

૧૪) વો બોલે કે મુસ્લિમ કે પિસર નૂરે નઝર હે,
બાબા ગએ મારે તુઝે કયા યે ભી ખબર હે,
સીને સે લગા બોલી કે અલ્લાહ કા ડર હે,
મુસ્લિમ કા કટા કૂફે મેં લટકા હુવા સર હે,
લાશ ઉનકી રસન-બસ્તા ફિરી કૂફે મેં દર દર,
અબ તુમકો લઈ ઢુંઢતે હૈં હાય વો ઘર ઘર.

૧૫) માઅસૂમોં કો લે આઈ જો બીબી કે વો ઘર પર,
મુસ્લિમ કે કમર આએં હૈં મહેમાઁ તેરે દર પર,
પહેલે વો બહુત રોઈ કહા અલ્લાહો અકબર,
તે સુનતે હી બીબી ને રખા હાથ જિગર પર,
આઓ તુમ્હેં પ્યારોં મેં કલેજે સે લગા લૂં,
પુરસા તુમ્હેં દું ખિદમતે માઅસૂમ બજા લૂં.

૧૬) યે કેહકે કિયા પ્યાર કલેજે સે લગાયા,
હસરત સે ઉન્હેં દેખ કે ખાને કો ખિલાયા,
દે દે કે દિલાસા ઉસે હુજરે મેં સુલાયા,
બીબી ને દોઆ કે લિયે હાથ અપના ઉઠાયા,
ચંદ ઘડીયાં ન ગુઝરી થી કે હારિસ લઈ આયા,
ગુસ્સે મેં લઈ સો ગયા ખાના ભી ન ખાયા.

૧૭) બચ્ચોં કો વહીં ખ્વાબ મેં મુસ્લિમ નઝર આએ,
માઅસૂમ મેરે પ્યારે ન આરામ કો પાએ,
આઓ તુમ્હેં એક બાર કલેજે સે લગાએ,
પરદેસ મેં દર દર હુએ ઔર ઝુલ્મ ઉઠાએ,
બચ્ચોં ને કહા રો રો કહાઁ બાબા ચલે થે,
મુસ્લિમને યતીમોં કો લગાએ જો ગલે સે.

૧૮) રોને કી સદા કાન મેં હારિસ કે જો આઈ,
ઝુંઝલાકે લઈ ને વહાઁ તલવાર ઉઠાઈ,
બીબી ને કહા કોઈ નહીં બાત સુનાઈ,
માઅસૂમ થે ચિલ્લાતે કે યા રબ હે દુહાઈ,
અય બાબા ભરે ખૂન મેં કપડેં હૈં તુમ્હારે,
સર કૂટ કે જો ખ્વાબ મેં રોતે થે વો પ્યારે.

૧૯) હારિસ વો લઈ કમરે મેં ઝુંઝલાકે જો આયા,
બચ્ચોં કો લઈ ખીંચ કે દાલાન મેં લાયા,
તબ હારિસે નારી સે યતીમોં ને સુનાયા,
અલ્લાહ સે ડર હમકો હે ગરદિશ ને સતાયા,
મુસ્લિમ કે પિસર દર્દ કે હમ મારે હૈં દોનો,
મહેમાન તેરી ઝૌજહ કે હમ પ્યારે હૈં દોનો.

૨૦) બચ્ચોં કો રસન-બસ્તા લઈ ને જો બનાયા,
હયહાત ઉન્હેં ખિંચતા હુવા નહેર પે લાયા,
ચિલ્લાએ જો માઅસૂમ તો કોડે કો લગાયા,
ઝૌજહ ને ઉસે રોકા તો સર ઉસકા ઉડાયા,
બચ્ચોં ને કહા નાના અલી કે હૈં પિયારે,
ઝાલિમ તુઝે કામ આએંગે કૌસર કે કિનારે.

૨૧) ઝર ચાહતા હે બેચ હમેં લાઅલો ગોહર લે,
મહેમાનોં કી ઝાલિમ તું દોઆઓં કા અસર લે,
ખુશ કર કે અલી કો તું લઈ ખુલ્દ મેં ઘર લે,
પહોંચા દે મદીને મેં તું શબ્બીર સે ઝર લે,
બાબા ગએ મારે હમેં કૌન આકે બચાએ,
માઅસૂમોં કો કિસ વજહ પે તુંને હે સતાએ.

૨૨) ઝાલિમને ના બચ્ચોં કી સુની ગિરયાઓ ઝારી,
ગોયા કે જહન્નમ કા શરારહ થા વો નારી,
ઝહરા કી સદા આતી થી કુરબાન મેં વારી,
માઅસૂમ કી ગરદન પે વો તલવાર કો મારી,
લાશોં કો બહા નહેર પે ઝાલિમને દિએ થે,
હારિસ ને વો સર હાથોં મેં બચ્ચોં કે લિએ થે.

૨૩) હારિસને ના કુછ રહેમ યતીમોં પે હે ખાયા,
દરબાર મેં હાકિમ કે લઈ લે કે સર આયા,

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**૪૦ દિન તક કોઈ ગોશ્ત ના જમે તો તેના અમલ પડી જાય છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

સર દેખતે હી રો દિયા હાકિમ ને સુનાયા,
ઈસ ચાઁદ સી તસ્વીર કો ક્યૂઁ કાટ કે લાયા,
કબ કત્લ કા થા હુકમ દિયા ઝિંદા થા લાના,
મુસ્લિમ કે યતીમોં પે તુઝે રહેમ થા ખાના.
૨૪) જલ્લાદ કો ફિર હુકમ ઈશારે સે સુનાયા,
સર કટ ગયા હારિસ કા સઝા સખ્ત વો પાયા,
અબ અર્ઝ હે ઝાકિર કી કે અય બારે ખુદાયા,
મુમિન કી દોઆ કે લિયે લબ મૈં ને હિલાયા,
હાતિમ ઝકી મૌલા કે લિયે દિલ સે દોઆ હે,
આબાદ રહેં શાદ રહેં રાહનુમા હે. ✩

## મુબારકબાદ




**હસનઅલી**
**(ઉં-૭ સાલ)**
**અને હુસૈનઅલી**
**(ઉં-૫ સાલ)**



આ બેવે ભાઈઓ જે **ઝૈનુલઆબેદીનભાઈ અને ઝયનબબુ વાસણવાલા**ના દીકરાઓ છે, શહરૂલ્લાહના તમામ રોઝા કીધેલા છે. નાનાભાઈ હુસૈનઅલીના આ પહેલા રમઝાન હતા અને હસનઅલીના બીજી વારના રમઝાન હતા. ઈદારા તરફથી હમેં એમને દિલી મુબારકબાદી આપીએ છીએ અને રોઝા રાખવા તરફની રગબત અને શૌક વાસ્તે હોંસલા-અફઝાઈ કરીએ છીએ. ✩

## મુબારકબાદ



**આફતાબહુસૈન, ઔનઅલી અને ફાતેમાબુ વોહરા (ઉમલ્લાવાલા)** ના ફરઝંદે Class X (CBSE) માં પોતાની સ્કૂલ રાજશ્રી વિદ્યામંદિરમાં ૯૪% માર્કસ હાસિલ કરી બીજા નંબર પર આવેલા છે. ઈદારા તરફથી આ ફરઝંદની ઈલ્મી તરક્કીની દોઆ સાથે હોંસલા-અફઝાઈ કરવામાં આવે છે. ✩

## તિજારત


**Classic Photo Studio**

Digital Passport Photo, Lamination, Visitor Visa Photo, Wedding, Family & Group Photography, Photos from Mobile, CD's, Pendrive & Other Media.

**ZEROX & LAMINATION AVAILABLE**

*NEWLY STARTED*

**Classic Arts**

Printing on Caps, T-Shirts, Mugs, Pillow Covers, Plates, Key Chains, Other Gift Articles & ID Cards.

***WHOLESALE & RETAIL***

**Shop No.3, Uvez Chamber, Nr. Sulemani Bank, Gendigate Road, Vadodara - 390017.**

**M.: 9904470498 / 9558649972** ✩

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

**મકાન**

**બદરી મોહલ્લામાં બીજા માળે, ફ્રન્ટ સાઇડનું મકાન ભાડે અથવા વેચાણ થી આપવાનું છે.**

**ફોન : ૯૯૨૫૭૬૭૮૬૯** ✩


**ઝબીહતના ખૂનના એક-એક કતરાના એવઝમાં ઝબીહત કરનારને હઝાર-હઝાર નૈકીઓ મિલે છે, હઝાર-હઝાર ગુનાહ મુઆફ થાય છે, કેમકે ઝબીહતની જાનની નજાતી થાય છે અને ઝબીહત કરનાર તેનાથી કૂવતદાર થાય છે.**

**દિલની બિમારીમાં શિફા હાસિલ કરવા ગોશ્ત ઝરૂરથી જમવો જોઈએ.**

## દરસે કુરઆને કરીમ

**સૂરતુલ બકરહ:** બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

૧) અલિફ : અલ્લાહ, લામ: લોહ, જિબ્રઈલ (અ.સ.), મીમ : કલમ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

૨) આ કિતાબ તેમાં ઝર્રા બરાબર શક નથી, તે હિદાયત આપનાર છે તકવાવાલા મુમેનીનને. યાઅની મૌ. અલી અને અલીની આલમાં ઝર્રા બરાબર શક નથી જે આલ યૌમે આખિર તક મુમેનીનને હિદાયત આપતી રહેશે.

૩) આ મુમેનીન કઈ આમ લોગો નથી, પણ તેઓ ગૈબ ઉપર ઈમાન લાવે છે, જે દેખાતું નથી તેના ઉપર પહેલે યકીન રાખે છે. નમાઝને તેના વક્ત પર તેના હક્ક મુજબ અદા કરે છે. અને હમેં તેઓને જે રોઝી-રિઝક અતા કીધું તેમાંથી તેઓ ખર્ચ કરે છે.

૪) અને મુમેનીન તે છે કે, જેઓ આપ ઉપર, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), જે કઈ ઉતારવામાં આવું અને તે કિતાબો-સહીફાઓ જે આપના પહેલે મુખ્તલિફ નબીઓ ઉપર ઉતારવામાં આવા અને આ સાથે આખેરતનું તે સઘલા પુખ્તા યકીન રાખે છે.

૫) આ સઘલા મુમેનીન તેઓના રબના તરફથી આવનારી હિદાયત ઉપર છે અને તે સઘલા કામિયાબ છે.

૬) આના બરખિલાફ હવે એવા લોગોની ઝિક્ર આવે છે કે, ઝરૂર તે લોગો કુફ્ર કરી બેસા, ઈન્કારની હાલતમાં છે. એ લોગોને કઈ જ ફરક પડતો નથી, બેવે હાલત બિલકુલ બરાબર છે તેઓ વાસ્તે કે, આપ તેઓને અઝાબે ઈલાહીથી ડરાવો યા ના ડરાવો, તેઓ પોતાનો કુફ્ર છોડવાના નથી, ઝિદ પર કાઈમ રહેશે અને આપના ઉપર ઈમાન નહીં જ લાવે.

૭) આ કાફિર લોગોની હાલત એવી છે કે, અલ્લાહતઆલાએ તેઓના દિલો ઉપર અને કાન ઉપર મોહર લગાવી દીધી છે. યાઅની ના તો તેઓ કોઈ ભલી વાતને સમઝી શકશે, ના તો તેઓના કાન સાંભલી શકશે. તેઓ દિમાગથી અને કાનથી અપાહીજ બનાવી દેવામાં આવા છે. અચ્છી વાત પણ તેઓના ગલે નહીં ઉતરે. આ સાથે તેઓની આઁખો ઉપર પણ ઢાકણ છે અને તેઓ વાસ્તે મોટો અઝાબ છે. તેઓ હક્કના સાહેબની માઅરેફત કરી જ નહીં શકે, કેમકે, તેઓના દિલ, કાન અને આઁખ ખતમ કરી દેવામાં આવા છે.

૮) લોગો માંથી એવા પણ છે, જેઓ બાહરથી તો ઈમાનદાર દેખાય છે, કહે છે કે, હમેં અલ્લાહતઆલાનું અને આખિરી દિન-કેયામતનું ઈમાન લાવા છે. મગર હકીકત તો એ છે કે, તેઓ હરગિઝ ઈમાનદાર નથી.

૯) સાબિત એ થાય છે કે, મુમેનીનનો ખોટો લિબાસ પહેરીને આ લોગો દીનના દુશ્મનો છે, મુનાફિકો છે. આ લોગો અલ્લાહતઆલાને અને મુમેનીનને ઠગે છે, છેતરે છે. સાચી વાત તો એ છે કે, તેઓને એ સમઝ પડતી નથી કે, તેઓ આ તરહની મકરબાઝી કરીને પોતાની ઝાતને જ ઠગે છે. અલ્લાહતઆલા અને મુમેનીનની ઝાત તો તેઓની નાપાકીથી ઘણી જ ઊંચી છે.

૧૦) બીમાર લોગો બે તરહના હોય, ૧) ઝાહિરમાં અને ૨) બાતિનમાં. અલ્લાહતઆલા મુમેનીનને એ સમઝાવે છે કે, આ મુનાફિકો કઈ ઝહિરી તૌરથી બીમાર નથી. કઈ તેઓના જિસ્માની હાલાતથી તેમની બીમારીની ખબર નહીં પડે, મગર તેઓ દિલના બીમાર છે. તેઓનું દિલ દીનની બાબત શક-શુબેહથી ભરેલું છે. તેઓની બીમારી ઓછી નહીં થાય પણ વક્ત જાતા વધશે અને જે જૂઠ તેઓએ બાંધેલું છે, તેનો અલમનાક અઝાબ તેઓને ઉચકવો પડશે. જેમ મુમિન બનાવાતા નથી પણ જનમથી પૈદા થાય છે, તેમ મુનાફિક બનાવાતા નથી પણ તેના નુત્ફામાં જ નિફાક-ધોકેબાઝી હોય છે. ✫

**ચોપગા જાનવરો ઈન્સાનની હર તરહ મદદ અને ફાયદા વાસ્તે પૈદા કરવામાં આવા છે.**

(પેજ નં. ૩ નું બાકી)

મુમેનીન રહેતા હતા ત્યાં જઈને કહેર વરસાવો અને મહેદીયહની હારનો બદલો લીધો. દજ્જાલ લઈન આરામ કરવા એક તંબુમાં બેસો હતો, તો તેના એક સાથીદારે પૂછ્યું કે, "અય મુખ્લિદ દજ્જાલ! શું તું જાણે છે કે, અપના લશ્કરીઓ રમઝાનના રોઝાના મુબારક અય્યામમાં બૈરા-બચ્ચાંની શું હાલત કરી રહ્યા છે? શું તુંને માઅલૂમ છે કે, તેઓ બેકુસૂર બૈરાઓના પેટ અને શરમગાહોને ચીરી રહ્યા છે, નાના બચ્ચાઓને દરખ્તો પર લટકાવી રહ્યા છે." આ સાંભલી તે લઈન હસવા લાગો અને બેતુકો જવાબ આપો કે, "અય અહમક! તું તારી બકવાસ બંધ કરે. શવ્વાલ કરતા રમઝાન મહીનામાં આમ કરવું ઝિયાદહ હલાલ છે. **જેમ રમઝાનમાં હર અમલની જઝા ખૂબ હોય છે, તેમ અપના દુશ્મનોં સાથે આ તરહ કરવાથી જઝા પણ ખૂબ મિલશે."**

આખિર દિવસો તક રખડીને, ઝુલ્મ કરીને, હરામકારી કરીને, વહેશત ફેલાવીને, થાકીને ચૂર થઈને દજ્જાલ પાછો કૈરવાન પહોંચો. ખૂફીયા તૌરથી તેના સાથી અબૂ અમ્માર અલ-આઅમાને મિલો. જે વક્ત અલ-આઅમાને ખબર પડી કે, દજ્જાલ અને તેના લશ્કરીઓએ આ તરહ બૈરા-બચ્ચાં પર બદઅમલ કીધો છે, તો તેએ દજ્જાલને ખૂબ આડે હાથે લીધો, તેને શરમિંદા અને રૂસ્વા કીધો, તેની મઝમ્મત કરી અફસોસનાક કલામ કહ્યા. કહ્યું કે, "મને શરમ આવે છે તારી ઝાત પર કે તુંએ એવા મુન્કર કામો કીધા છે કે, તે એવા શખ્સનું કામ હરગિઝ નથી કે જે **અલ્લાહ વાસ્તે કાઈમ થાય, હક્ક વાસ્તે જેહાદ કરે અને દીન વાસ્તે મદદ કરે."**

આ તરહ ના કલામ સાંભલીને તે લઈનનું દિલ મૌમ થઈ ગયું અને બોલો કે, "અય ભાઈ! તારી વાત બિલકુલ સાચી છે. મારાથી બહુ મોટા ગુનાહો થયા છે. હું તેની તૌબા કરૂં છું." ✯

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✯

## ૧૫૦ મો શુમારો

**કારેઈનને આ ખબર આપતા હમને ઘણી ફરહત થાય છે કે, ખુદાતઆલા અને ખુદાના દાઈની નઝરે લતાફતથી મિશ્કાતુલ-હાદી અખ્બાર ઈલ્મી સફરની ૧૫૦ મી મંઝિલ પર પહોંચેલું છે. આ જ મુજબ ઈલ્મી ઝૌકો શૌક કારેઈનમાં બરકરાર રહે એવી અમારી કોશિશ છે.** ✯

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.